



સંસારનું જે ક્ષણિક સુખ, તે સુખ છે શા કામનું,
રાજી થયા હોય તો ગુરુજી, જ્ઞાન દ્યો ગુરુ આપનું,
મારો જીવ સત્સંગી થાય, પ્રભુની સમીપમાં રહીએ...
બીજી કશી આશા નથી, એક સુખ દો ઘનશ્યામનું,
તમે ગુરુ ક્યાંના છો વસનાર, તમારું ઘર ક્યાં ત્યાં જઈએ...

બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદસ્વામી પાસે યાચેલી શાશ્વત કૃપાશિષ

**હોલિકા** ઉત્સવની પૂર્વ સંધ્યાએ, ૨૧ માર્ચ ૨૦૧૬ની સાંજે બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજ પ્રાગટ્ય માહાત્મ્ય સભામાં અનુપમ મિશન ઇન્ટરનેશનલ કમિટીના સભ્યો પૈકી સતીશભાઈ ચતવાણી, જગતભાઈ કિલ્લાવાલા, વિનુભાઈ નકારાજા, વિષ્ણુદાદાએ પ્રાસંગિક પ્રવચન કરી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંત આધારિત પ્રગટ ગુણાતીત સ્વરૂપોનું માહાત્મ્ય ગાયું. અનુપમ મિશન ઇન્ટરનેશનલ કમિટીના સૌ સભ્યોનાં તેમની વર્ષોની નિ:સ્વાર્થ સેવાઓ બદલ અભિવાદન-સન્માન કરાયાં.

મંચ પર બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજની મૂર્તિપ્રતિમા બિરાજમાન હતી. અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ ભગતજીમહારાજના જીવનનું અમૃત દર્શન કરાવતાં ભજનોની આહલેક ગજાવી. તેમાંય શિરમોર સમ સંતભગવંત સાહેબજીના આશીર્વાદ પામી સૌ ધન્ય થયા.

આ પ્રસંગે ઉપસ્થિત મહામંડલેશ્વર પ.પૂ. નિત્યાનંદબાબા અને પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજીનાં પણ સન્માન કરાયાં. અંતે બંને સંતવિભૂતિઓએ આશીર્વાદની હેલી વરસાવી અને સંતભગવંત સાહેબજીનાં દિવ્ય માહાત્મ્યની તેમજ તેમની સાથેના જન્મોજન્મના સંબંધની અનોખી વાતો કરી.



યોગીજીમહારાજ મહાવિદ્યાલય ધારીમાં વિદ્યાભ્યાસ કરતી ૭૫ દીકરીઓનાં ભાવાર્પણ

સાહેબજી વિષે સાંભળ્યું હતું, પણ જ્યારે દર્શન થયાં ત્યારે અનુભવ્યું કે એ પૂર્ણ અને પવિત્ર છે ! જીવનની તમામ વિષમ પરિસ્થિતિમાં પણ સાહેબજીની સમતાનાં અમે દર્શન કર્યાં છે. જે કોઈ વિશેષણો કે ગુણોથી નવાજીએ તે પણ સાહેબજી માટે ઓછાં છે.

★ પરમ પૂજ્ય સ્વામીશ્રી અધ્યાત્માનંદજી





મહાપુરુષ કે પાસ પરમાનંદ કા અનુભવ હોતા હૈ. સંત હમેં ઐસી દૃષ્ટિ દેતે હૈં જિસસે પરમાત્મા કા દર્શન હોતા હૈ. સાહબજી કે પાસ ઐસા હી અનુભવ હમેં હોતા હૈ. હમારા સાહબજી કે સાથ પ્રેમ કા નાતા હૈ જો જન્મોજન્માંતર કા હૈ. ગુરુદેવ યોગીજીમહારાજ કા હૂબહૂ સ્વરૂપ સાહબજી મેં દિખતા હૈ.

★ મહામંડલેશ્વર પરમ પૂજ્ય નિત્યાનંદસ્વામીજી



સાકારબ્રહ્મ
ગુણાતીતાનંદસ્વામીજીની
ઓળખાણ ભગતજીમહારાજે કરાવી.
આજે તેઓનો પ્રાગટ્યદિન !
શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના
માર્ગે ચાલનારા મુક્તો માટે આજનો
દિવસ બહુ મોટો ! આત્મામાં રહેલા
પરમાત્માને પ્રકાશિત કરવા
ગુણાતીત સાધુની જરૂર પડે જ !
એવા સત્પુરુષ જ મોક્ષનું દ્વાર છે.
એવા સાધુની વાત મનાય,
તેમનામાં ભાવ થાય અને જીવ
જોડાય તો બેડો પાર થઈ જાય.
સહજ આનંદ અને શાંતિ પ્રાપ્ત થઈ
જાય. દેહભાવ ઓગળી જાય અને
સમર્પણભાવ પ્રગટી જાય !

* સંતભગવંત સાહેબજી



**વિનુભાઈ નકારાજા**

સાહેબજીનું હૃદય પ્રેમનો સાગર છે. અમારા સૌ માટે તેઓએ પ્રાર્થનાઓ કરીને અમને આગળ લીધા છે. અમારી સર્વ પ્રકારે રક્ષા કરી છે. હે સાહેબદાદા! અમે આપના છીએ... અને કેવળ આપનું જ અનુસંધાન રહે તેવી કૃપા વરસાવજો !



**વિષ્ણુદાદા**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષની બારાક્ષરી ચાલતી હતી. સાહેબજીએ તેનો ક્રમ બદલ્યો અને કેવળ કૃપાથી પ્રથમ મોક્ષ પાકો કરી દીધો. અર્થ, કામને શુદ્ધ કરી ધર્મના માર્ગે વાળી દીધા. આ ભાવના સુદઢ થાય તે જ પ્રાર્થના !



**જગતભાઈ કિલ્લાવાલા**

અધ્યાત્મજ્ઞાન ઘણું પૌરાણિક છે, પણ તેના વિસ્તાર અને પ્રસાર અર્થે અનુપમ મિશને આધુનિક યુગ સાથે ખભેખભા મિલાવી ટૅકનોલૉજીનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને આજના યુવાનો માટે સુલભ કર્યું છે. સાહેબજી દેતા જ રહે છે, કદી લેતા નથી. સાહેબજી કદી કસોટી પણ કરતા નથી, પણ કરે તે દિવસે અમે બધા તેમાં પાર ઊતરીએ તેવી યાચનાઓ !



**સતીશભાઈ ચતવાણી**

મૂર્તિનું સુખ લે અને ભોગવે તે સાધુ કહેવાય. પરંતુ, જે મૂર્તિનું સુખ લે અને આપે તે ગુણાતીત સત્પુરુષ કહેવાય. સંતભગવંત સાહેબજી એવા ગુણાતીત સત્પુરુષ છે. સાહેબજી દાસત્વ, પ્રેમ, કરુણા અને કલ્યાણનું મૂર્તિમંત સ્વરૂપ છે!





અનુપમ મિશન–કેનેડાના પ્રમુખ ધવલભાઈનાં અભિવાદન



ICFAMના પ્રમુખ સતીશભાઈ–હંસાબહેનનાં અભિવાદન



અનુપમ મિશન–ઈંગ્લૅન્ડના પ્રમુખ વિનુભાઈનાં અભિવાદન



અનુપમ મિશન–ઑસ્ટ્રેલિયાના પ્રમુખ દીપેનભાઈનાં અભિવાદન



અનુપમ મિશન–ન્યૂઝિલૅન્ડના પ્રમુખ જહોનુભાઈનાં અભિવાદન



અનુપમ મિશન–અમેરિકાના પ્રમુખ વિષ્ણુભાઈનાં અભિવાદન



કેનેડાના દીપકભાઈ દાણીનાં અભિવાદન



ICFAMના ઉપપ્રમુખ જગતભાઈનાં અભિવાદન



શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનમાં સેવારત
ડૉ. મનોજભાઈ સોની અને સતીશભાઈનાં અભિવાદન



સ્વામીશ્રી નિત્યાનંદજી અને સ્વામીશ્રી અધ્યાત્માનંદજીનાં અભિવાદન



અમદાવાદની યુવતીઓએ અમૃતોત્સવે અર્પણ કરેલ ભાવવંદના



સિંગસાહેબ અને મિત્રમંડળ દ્વારા અર્પણ થતી અભિવંદના



હૈદરાબાદ મંડળના મુક્તોનાં સંતભગવંત સાહેબજીને ભાવાર્પણ



નિજ બચતમાંથી પ્રેમભાવ અર્પણ કરતી અમૅરિકાની યુવતીઓ



ઈંગ્લૅન્ડની યુવતીઓ વતી અર્પણ થતી શ્રી નીલકંઠવર્ણીજીની મૂર્તિ



મુંબઈ મંડળની યુવતીઓની બચત રાશિમાંથી અર્પણ થતી સ્મૃતિવંદના



સુરત મંડળની યુવતીઓનાં પ્રેમભાવ અર્પણ



'વ્હાલમ અમે તો તમારા શરણમાં, સમર્પ્યું છે જીવન તમારા ચરણમાં...'
તે ભાવથી સમર્પણ કરતાં અમદાવાદનાં બહેનો